રજુ તારીખ : ૧૯–૦૨–૨૦૨૬

દાખલ તારીખ : ૧૯–૦૨–૨૦૨૬

ફેંસલ તારીખ: ૨૩–૦૩–૨૦૨૬

અવધિ: વર્ષ – માસ – દિવસ

૦૦ – ૦૧ – ૦૪

---

**ભાવનગરના મહે. ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મું.ભાવનગર.**

---

**પરચુરણ ફોજદારી અરજી નં.૩૩૭/૨૦૨૬**

**આંક :**

**અરજદાર** : **કિશોરભાઈ બચુભાઈ પરમાર,**
ઉ.વ.આ.૨૭, ધંધો–મજુરી કામ,
રહે. મુ. મોટી રાજસ્થળી, તા.પાલીતાણા,
જી.ભાવનગર.
(હાલ : જિલ્લા જેલ, ભાવનગર)

**વિ રૂ દ ધ**

**સામાવાળા** : **શ્રી સરકાર**

**બાબત : બી.એન.એસ.એસ. કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

**અરજદાર તરફે : વિ.વ.શ્રી બી.એચ.ડોડીયા.**
**સામાવાળાઓ તરફે : વિ.એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા.**

**–: ચુ કા દો :–**

(૧) અરજદાર/આરોપીએ હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુના રજી.

નં.૧૧૧૯૮૦૪૨૨૫૦૬૪૭/૨૦૨૫ થી નોંધાયેલ બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮, ૧૮(સ્પે. પોકસો કેસ નં.૬૩/૨૦૨૫) મુજબના ગુન્હાના કામે રેગ્યુલર જામીન પર મુકત થવા માટે કરેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા વિ.એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા તપાસ કરનાર અમલદારનું સોગંદનામાં સાથે હાજર થયેલ છે. અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી બી.એચ.ડોડીયાની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપી તરફે તેમના વિ.વ.શ્રીએ એવી રજૂઆત છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે અને કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી અને ખોટી રીતે હાલના ગુન્હામાં સંડોવી દીધેલ છે. ફરિયાદ ૧૭ દિવસ મોડી કરવામાં આવેલ છે. તેમજ આ કામે ભોગ બનનારનું નિવેદન ધ્યાને લેવામાં આવે તો, પ્રેમ સંબંધ હોવાનું જણાઈ આવે છે. ભોગ બનનારના મેડીકલ સર્ટીફીકેટ પરથી ભોગ બનનાર સાથે કોઈ બળજબરી થયાના ચિન્હો મળી આવતા નથી. તેમજ ભોગ બનનારે સમગ્ર બનાવ દરમિયાન ભાગી જવા માટેના કોઈ પ્રયત્નો કરેલ નથી. ભોગ બનનારના ઓસીફીકેશન ટેસ્ટ રીપોર્ટ મુજબ ભોગ બનનાર ૧૮ વર્ષની હોવાનો અભિપ્રાય આપવામાં આવેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ નથી. સદર ગુન્હાના કામે તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને ચાર્જશીટ દાખલ કરી દેવામાં આવેલ છે. જે સ્પે. (પોકસો) કેસ નં.૬૩/૨૦૨૫ થી નોંધાયેલ છે. તેમજ અરજદાર/આરોપી કોઈ ગુન્હાહિત ભુતકાળ ધરાવતા નથી. અરજદાર/આરોપી નાની વયના અને મજુર વર્ગના માણસ છે. તેમજ

કુટુંબના ગુજરાનનાો આધાર છે. જો વધુ સમય અરજદાર/આરોપીને જેલમાં રાખવામાં આવે તો અરજદાર/આરોપીનું કુટુંબ આર્થિક વિપરીત પરિસ્થિતિમાં મુકાઈ જાય તેમ છે. સદર ગુન્હાના કામે ચાર્જશીટ થઈ ગયેલ હોય, સાક્ષીઓને ટેમ્પર હેમ્પર કરવાનો પ્રશ્ન અસ્થાને છે. અરજદાર/આરોપી સામેના કેસની ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે. જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશનનો ભોગ બને તેમ છે. અરજદાર/ આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહીશ છે અને સ્થાવર જંગમ મિલકત ધરાવે છે અને કયાંય નાસી ભાગી જાય તેવા ઈસમ નથી. તેમજ નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાતરી અને બાંહેધરી આપે છે. તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે. વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા તેમની દલીલના સમર્થનમાં નામ. ગુજરાત હાઈકોર્ટના (૧) ક્રીમી. મીસ. એપ્લી. નં.૪૯૦૭/૨૦૧૯ રાજકુમાર ઉર્ફે રાજપાલ ઉર્ફે લાલો ઉર્ફે સસલી પરબતસિંહ ચૌહાણ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, (૨) ક્રીમી. મીસ. એપ્લી. નં.૧૩૯૬૫/૨૦૨૪ સંજયભાઈ ઉર્ફે અજયભાઈ ચનાભાઈ દલસાણીયા વિ. સ્ટેટ ઓફ ગુજરાત, (૩) ક્રીમી. મીસ. એપ્લી. નં.૨૩૯૬૨/૨૦૧૮, હર્સુલ સ./ઓ. ગંભીરદાન બનેસિંઘ ગઢવી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદાઓ રજુ કરેલ છે.

(૪) સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી જી.પી.જાડેજા નાઓએ હાજર થઈ એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮, ૧૮ મુજબના ગંભીર

ગુન્હાના આક્ષેપો છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. જો અરજદાર/ આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ભોગ બનનાર તથા તેના પરિવારના સભ્યોને ધાક ધમકી આપે અને સાક્ષી, પુરાવા સાથે ચેડા કરે તેવી પુરેપુરી સંભાવના રહેલી છે. તેમજ નાસી ભાગી જાય તો ટ્રાયલ વિલંબમાં પડે તેમ છે. તે તમામ સંજોગોમાં, ગુન્હાની ગંભીરતા ધ્યાને લઈ અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટેની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) અરજદાર/આરોપીની અરજી વંચાણે લીધી. બંન્ને પક્ષો તરફે કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લીધી. ભોગ બનનારે કરેલ રજુઆત પણ ધ્યાને લીધી. ફરિયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધુ. તેમજ અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા રજુ નામ. ગુજરાત હાઈકોર્ટના (૧) ક્રીમી. મીસ. એપ્લી. નં.૪૯૦૭/૨૦૧૯ રાજકુમાર ઉર્ફે રાજપાલ ઉર્ફે લાલો ઉર્ફે સસલી પરબતસિંહ ચૌહાણ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, (૨) ક્રીમી. મીસ. એપ્લી. નં.૧૩૯૬૫/૨૦૨૪ સંજયભાઈ ઉર્ફે અજયભાઈ ચનાભાઈ દલસાણીયા વિ. સ્ટેટ ઓફ ગુજરાત, (૩) ક્રીમી. મીસ. એપ્લી. નં.૨૩૯૬૨/૨૦૧૮, હર્સુલ સ./ઓ. ગંભીરદાન બનેસિંઘ ગઢવી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદાઓ માનસહ વંચાણે અને ધ્યાને લીધા. આ કામે રેકર્ડ ધ્યાને લેતાં, આ કામે અરજદાર/ આરોપી સામે પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુના રજી. નં .૧૧૧૯૮૦૪૨૨૫૦૬૪૭/૨૦૨૫ થી નોંધાયેલ બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)(એમ) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮, ૧૮ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. વધુમાં,

આ કામે ફરિયાદ હકીકત તથા ચાર્જશીટના પેપર્સ તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, આ કામના અરજદાર/ આરોપીએ સદર ગુન્હાના કામે ભોગ બનનાર, ઉ.વ.૧૭ વર્ષ ૧૦ મહિના અને ૦૧ દિવસની સગીર વયની હોવાનું જાણતા હોવા છતાં, ભોગ બનનારને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે બોલાવી, ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધી, દુષ્કર્મ કરેલ હોવાના આક્ષેપો છે. અરજદાર/આરોપી સામે તપાસ દરમિયાન પુરતો પુરાવો જણાઈ આવતા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. જે અત્રેની કોર્ટમાં સ્પે. (પોકસો) કેસ નં.૬૩/૨૦૨૫ થી નોંધાયેલ છે. આમ, અરજદાર/ આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. વધુમાં, હાલની જામીન અરજીના કામે ચાર્જશીટના પેપર્સ આધારિત અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા મુખ્યત્વે અરજદાર/આરોપીએ કોઈ ગુન્હો કરેલ નહીં હોવાની અને ખોટી રીતે આવા ગંભીર ગુન્હામાં સંડોવેલ હોવાની રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ, તે પુરાવાનો વિષય હોય, હાલની જામીન અરજીના તબકકે તે અંગે વિશેષ કોઈ ચર્ચા કરવાનું ઉચિત જણાતુ નથી. વધુમાં, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા અરજદાર/ આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ભોગ બનનાર તથા તેમના પરિવારના સભ્યોને ધાક ધમકી આપે અને પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતાઓ હોવાની કરવામાં આવેલ દલીલ પણ હાલના તબકકે નકારી શકાય તેમ નથી. તેમજ જો અરજદાર/ આરોપીને જામીન મુકત કરવામાં આવે અને અરજદાર/આરોપી નાસી ભાગી જાય તો તેઓની સામેની સદર ગુન્હાની ટ્રાયલ વિલંબિત થાય તેમ છે. તેમજ હાલ સમાજમાં દિનપ્રતિદિન આ પ્રકારના બનાવો વધતાં જતાં હોય, આ પ્રકારના ગંભીર ગુન્હામાં જો અરજદાર/

આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજ ઉપર તેની અવળી અસર પડે તેમ છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલના ગુન્હાની હકીકત તથા સંજોગો તથા ગુન્હાનું સ્વરુપ અને ગુન્હાની ગંભીરતા તથા સજાની જોગવાઈ તથા અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ઘ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ ઘ્યાને લેતાં, અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા સંદર્ભેની વિવેકાધિન સત્તા હાલના તબકકે વાપરવા માટેનો આ યોગ્ય કેસ હોવાનું જણાઈ આવતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આ કામના અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન પર મુકત કરવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૨૩'મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૨૩/૦૩/૨૦૨૬

**(હેતલ સુરેશચંદ્ર દવે)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
ભાવનગર.
UI CODE NO.GJ00693

Bhavik